શ્રી

સરોજ નાટક સમાજ.

ડોલતી દુનીયા

પ્રકાશક

રમણભાઈ લાલભાઈ.

કીં. ૦-૪-૦

॥ श्री गणेशाय नमः ॥

ડોલતી દુનીયા

નાટકનાં ગાયનો અને ટુંક સાર.

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર

રમણભાઈ લાલભાઈ.

માલિક—શ્રી સરોજ નાટક સમાજ.

શાંતિભુવન થીયેટર—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી] સને ૧૯૨૯ [પ્રત ૩૦૦૦

કીંમત ચાર આના.

આ ચોપડી અમદાવાદ ઘીકાંટે, માસ્તર થીયેટર સામે શાહ વાડીલાલ કેશવલાલે શ્રી કેસરીઆજી પ્રિ. પ્રેસમા છાપી.

ડોલતી દુનીયા નાટકનાં પાત્રો

મધુકર—એક લક્ષાધીપતિ.

દ્વારકાદાસ—એક દાંભીક શેઠ મધુરીનો પિતા.

જંગબારી—ઉઠાવગીર. દ્વારકાદાસનો મદદગાર સોનેરી ટોળીનો સરદાર

મલબારી—પ્રપંચી વકીલ.

ભાણીઓ—જંગબારીનો ભત્રીજો. મેનાનો આશક.

મધુરી—મધુકરની સ્ત્રી. દ્વારકાદાસની પુત્રી

પ્રીયદેવી—મધુકરની બહેન.

મેનાં—વકીલની છોકરી.

એ સિવાય ઇન્સપેકટર. જમાદાર, ચંપકલાલ જુગારીઓ, મારાઓ, ગુલામ, સખીઓ, વારાંગના, વિગેરે.



શ્રી ગણેશાય નમઃ

ડોલતી દુનીયા.

નાટકનો ટુંકસાર.

મંગળાચરણ-વસ્તુ સુચન.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.---દ્વારકાદાસનો બંગલો-દ્વારકાદાસ અને જંગબારી દુનિયા ઝુકાવવાને તરેહવાર પ્રપંચોની રચના કરે છે. બન્ને સંમત થાય છે. અને કાર્ય સાધવા જાય છે.

પ્રવેશ ૨ જો.---કોમીક-વકીલ મલબારીના પ્લીડરના ધંધા વિષે તેમજ અસીલોને આડકત્રી રીતે શીશામાં ઉતારી સ્વાથ સાધવા વિષે ઉદગાર. સોસાયટીમાં જવું. ત્યારબાદ જંગબારી પોતાપર થયેલા હુકમનામાની બજાવણી માટે બેલીફને હાથતાળી દઇ નાસી આવી કાંઇક બહાના તરીકે આશ્રય લેવા તે ઘરમાં આવે છે. વકીલ બહાર ગએલ હોવાથી તેની છોકરી મેના અસીલનું મન રાજી રાખવા તેનો આદર સત્કાર કરે છે. વાતચીતમાં બન્ને કુંવારા છે. એમ ખુલાસો થાય છે. જંગબારી પોતાના વારસા સર્ટીફીકેટનો કેસ આપવો છે એમ ગપ મારે છે. મેના જંગબારી તરફ પ્રેમી બને છે. વકીલ આવે

છે. જંગબારી મેનાને પરણવાની યુકતી ચલાવે છે પોતાને એક કુંવારી ભત્રીજી છે, એવું જણાવતાં વકીલ તેનાપર આશક થાય છે. અને તેને બોલાવી લાવવા મેનાને જંગબારી સાથે મોકલે છે, જંગબારી તથા મેનાનો વિનોદ.

પ્રવેશ ૩ જો—મધુરીનં અગાર વિનોદ સાથે આવતી જોઇ તેનું હૃદય જાણવા મધુકર છુપાય છે. મધુકર આવે છે. બન્નેનાં માર્મીક પ્રશ્નોત્તર સાહેલીઓની યુકતીથી મધુરી અને મધુકરનાં ગાંધર્વ લગ્ન.

પ્રવેશ ૪ થો—મલબારી પાસે પોતાની ભત્રીજી હોવાની મારેલ ગપથી જંગબારીનું ગભરાવું. મેનાની યુકતીથી પોતાના ભત્રીજા ભાણીઆને સ્ત્રીનાં કપડાં પહેરાવી પોતાની ભત્રીજી તરીકે લઇ જવા ઠરાવ. મેનાંને પરણવાની ઉમેદ રાખતો ભાણીઓ જંગબારીની યુકતી ન સમજતાં સ્ત્રી વેષે જંગબારી તથા મેનાં સાથે વકીલને ત્યાં જાય છે.

પ્રવેશ ૫ મો--મધુરી સાથે કરેલ છુપા લગ્નથી મધુરીના પિતા તરફથી ઉત્પન્ન થએલા ભયને ટાળવાને બહાને જંગબારી મધુકર પાસેથી પઇસા પડાવે છે. પ્રીયદેવી મધુકરને પૈસા આપતાં અટકાવે છે. બહેનની ભાઇને શીખામણ મધુકરનું પ્રીયદેવીપર નારાજ

થયું. ભાઇના ભોળા સ્વભાવ માટે અફસોસ કરતાં સુઇ જવું. મધુકરનું મધુરીને મળવા જવું. તક જોઇ જંગબારીએ પોતાને અપમાન આપનાર પ્રીયદેવીને કલૉરોફાર્મ સુંઘાડી પેટીમાં પુરી દ્વારકાદાસ પાસે લઇ જવી.

પ્રવેશ ૬ ઠો--દ્વારકાદાસનાં મધુકર મધુરી ઉપર વેર વાળવાના વિચાર. જંગબારીનું આવવું. મધુકરપરના વેરના બદલા તરીકે પ્રીયદેવીને ઉપાડી લાવવાનું જણાવવું. દ્વારકાદાસની ખુશાલી. પ્રીયદેવીને રૂબરૂમાં બોલાવી તેનાં પ્રેમની માંગણી. પ્રીયદેવીનો ઇન્કાર. દ્વારકાદાસનો પ્રીયદેવીપર ગોળી બહાર મારી વાટેથી પ્રીયદેવીનું દરીયામાં કુદી પડવું. સીનનું બદલાવું ખારવાંને હાથે પ્રીયદેવીનો બચાવ.

રચ્છો અંક ૧. લો સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—બારવાને હાથે દરિયામાંથી બચેલી પ્રીયદેવીનું છુપા વેષે દ્વારકાદાસના પ્રપંચો ખુલ્લા પાડવાના વિચારમાં પ્રવેશવું. મધુકરનું વેર લેવાના વિચારમાં દ્વારકાદાસ અને જંગબારીનું આવવું. પાપીઓની પાપી મસલત. પ્રીયદેવીએ તેનાં દુષ્ટ વિચાર સાંભળી મધુકરને એ કાવતરાનો ભોગ થતો બચાવવા વેશ બદલી જંગબારીને ત્યાં જવું.

પ્રવેશ બીજો—ક્રોમીકલ મલબારી જંગબારીની ભત્રીજીની રાહ જુવેછે. પતિએ તજી દીદેલ એક ગુલાબ નામની સ્ત્રી પતી પાસેથી અન્ન વસ્ત્રને મેળવવાની ફરીયાદની સલાહ લેવા માટે મલબારી પાસે આવે છે. વકીલ મલબારીનું ગુલાબપર મોહીત થવું. ગુલાબે પ્રેમ કબુલ કરવો. બન્નેનો પ્રેમ વિનોદ. જંગબારી અને મેનાંનુ સ્ત્રી વેશમાં ભાણાને લઈ આવવું. મલબારીને ભાણાનો ગોટાળો.

પ્રવેશ ૩ જો—જંગબારીના મકાનમાં જન્માષ્ટમીના તહેવાર પ્રસંગે જુગારની રમત. મધુકરનું હારવું. પ્રીયદેવીનું પુરૂષ પોશાકે દાખલ થઇને જુગાર રમવામાં સામેલ થવું. પ્રીયદેવી તમામ બાજીનો રંગ રમત રમીને પલટાવી નાંખે છે. અને ભાઇને માથે આવવાની આફત પોતાને માથે વ્હોરી લઇ બહાદુરીથી બચી જાય છે.

પ્રવેશ ૪ થો--કોમીક-મલબારી તથા ભાણુની પ્રેમ વિષે રકઝક. ગુલાબનું આવવું. મલબારીને બીજીપર પ્યાર કરતો જોઇ ગુસ્સે થવું. અને દગાનો બદલો દગાથી લેવાનો છુપો ઇરાદો કરી ચાલ્યા જવું. જંગબારી તથા મેનાનું આવવું. ભાણીઆને રકઝક છોડવા સમજાવવું મેનાં એ ઉમર લાયક કન્યા પોતાની સ્વતંત્રતાથી પરણી શકે એવા અભિપ્રાયની ભલામણ પત્રીકા મલબારી પાસેથી લખીવી લેવી. મલબારીનું જવું. જંગબારી તથા મેનાંનો વિનોદ.

પ્રવેશ ૫ મો--દ્વારકાદાસના ઘરમાં પ્રીયદેવીનું છુપા વેષે આવવું. દ્વારકાદાસ તથા જંગબારીનો મધુકર માટે બીજો ફરેબ. ખુનની પેરવી. મારવાની ગોઠવણ કરવા જંગબારીનું જવું. પ્રીયદેવીનો મધુકરને બચાવવા ઠરાવ. ચેકનાં નાણું નહીં મળવાથી ચેક પાછો લેવા ચંપકલાલ નામના એક ગૃહસ્થનું આવવું. ફરેબથી દ્વારકાદાસે ચેક પાછો લઇ ચંપકલાલને ઉદ્ધત જવાબ આપવા. ચંપકલાલે નીતીનાં કડક વચનો કહેવાં દ્વારકાદાસે ઉશ્કેરાઇ તેનું ખુન કરવા તૈયાર થવું. પ્રીયદેવીએ ચંપકલાલને બચાવી ચેક પાછો અપાવવો.

પ્રવેશ ૬ ઠો--જંગબારી અને મારાઓ મધુકરને મારવાની વાતચીત. પ્રીયદેવીનું આવી સાંભળવું. જંગબારી અને મારાઓનું ખુન કરવા જવું. ચંપકલાલ તથા ઇન્સપેકટરનું આવવું. દ્વારકાદાસ

વિપની ફરીયાદ. પ્રીયદેવીએ પ્રસીદ્ધ બાઇ સાદ્દી પુરવી. દ્વારકાદાસપર વોરંટ કાઢવા તથા મારાઓથી મધુકરને બચાવવાનો બંદોબસ્ત કરવા ઇન્સપેક્ટરનું જવું. પ્રીયદેવીનું ભાઇને બચાવવા પ્રયાણ.

પ્રવેશ ૭ મો—મધુરીની સાહેલીઓ સાથે વસંતક્રીડા. મધુકરનું આવવું પતિ પત્નીનો હૃદય વિલાસ. મધુરીનું અંદર જવું. મધુકરનું સુઇ જવું. મારાઓ સાથે જંગબારી તથા દ્વારકાદાસનું આવવું મધુકર પર ખુની હુમલો. પ્રીયદેવી અને ઇન્સપેક્ટરે આવી મધુકરને બચાવી લેવો. જંગબારીનું પકડાવું. દ્વારકાસે મધુરીને ઉઠાવી જવું. મારાઓનું નાસી જવું.

ડ્રોપ. અંક ૨ જો સમાપ્ત.

એક ૩ જો.

પ્રવેશ ૧ લો.--પોતાના પાપકર્મનો ખેદ કરતો જેલમાં જંગબારી ગુન્હાની જુબાની લેવા ઇન્સપેક્ટરનું આવવું. જંગબારીની હમબાજી કેદીપર પુરતી દેખરેખનો હુકમ આપી ઇન્સપેક્ટરનું જવું. જેલ જમાદારને લાંચ આપી જંગબારીનું નાસી છુટવા જેલની દીવાલપર ચઢવું. ઇન્સપેક્ટરનું આવી પહોંચવું. કેદી નાસતો જોઇ પોકાર. નાસતા જંગબારીના હાથે ઈન્સપેક્ટરનું ખુન.

પ્રવેશ ૨ જો.--જેલમાંથી નાસી છુટતાં લોહીલુહાણ અને પાયમાલીપર આવી પડેલો જંગબારી. પોતાનાં કરેલ કર્મોનો પશ્ચાતાપ તૃષાથી પાણી માટે આતુરતા. પ્રીયદેવીની દયા અને પાણી લાવી પાવું. પાસેના જંગલમાં કોઇ અબળાનો કરૂણા જનક પોકાર. પ્રીય-દેવી તથા જંગબારીનું ત્યાંથી બચાવો માટે જવું.

પ્રવેશ ૩ જો.--અઘોર અરણ્યમાં મધુરીને મધુકરનો સંબંધ છોડી દેવા જુલમ ગુજારતો દ્વારકાદાસ. મધુરીની દ્રઢતા. તેનું ખુન કરવા દ્વારકાદાસની કોશીશ. પ્રીયદેવી અને જંગબારીનું અચાનક આવવું. મધુરીને બચાવવી. દ્વારકાદાસ તથા જંગબારીનો મેળાપ. પાપી પુતળાંઓનો પોકાર. ઝપાઝપી ને એક બીજાના હાથથી મરણ

પામતાં પાપની મુર્ણાહુતી. મધુકરનું આવી પહોંચવું. પ્રીયદેવીનું દંપતી સહ નગર તરફ પ્રયાણ.

પ્રવેશ ૪ થો—કામીક–સ્ત્રી વેષમાં રહેલા બાણીયા પાસે ગુલાબનું આવવું. ભાણાને ખરા રૂપમાં ઓળખી જવું. મલબારી-તથા મેનાંને ઠગવાની યુકતી. બાણીના વેશમાં ગુલાબનું તથા જંગબારીના વેશમાં ભાણાનું તૈયાર થવું. મલબારીનું આવવું, ભરમનું ભાંગવું, ગુલાબ સાથે મલબારી તથા ભાણા સાથે મેનાંનો હસ્ત મેળાપ. ગુલાબનાં છોકરાંનું આવી પહોંચવું. હાસ્યરસની પુર્ણાહુતી.

પ્રવેશ ૫ મો—મધુકરને ત્યાં મિત્રોની પાર્ટી. યોગીની રૂપે રહેલી પ્રીયદેવીનો હેવાલ. ખરા રૂપે પ્રગટ થવું. સર્વની આશ્ચર્યતા ખુશાલી. સત્ય પ્રેમનાં વિજયનાદ સાથે એવટનો આનંદ.

ૐ શાંન્તી. શાંન્તી. શાંન્તી.

॥ श्री गणेशाय नमः ॥

ડોલતી દુનીયા.

નાટકના ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર
નટી
બાળાઓ.

(૧)

શ્રી મંગળ ગણુપતિ તું
જય ગવરી તનય જય ગજવદન જય શ્રી
બ્રહ્મ રજતમ સત્વમય તું
લંબોદર હર વિઘ્ન તું
જય સુભગ સુખદા વિજય વરદા
સુમતિ પતિ તું ગણુપતિ —શ્રી.

વીણાધરી સુર સુન્દરી જગદીશ્વરી પરમેશ્વરી
સર વતી કર આકૃતી દેવી નજર કર અમીભરી. —શ્રી.

બાળાઓ (૨)

જગમાં સાચા સુખકર શણગારો સત્યનિતીનાં છે,
અમુલ્ય આભુષણથી અધિકા તે ચડીયાતા છે....જગમાં૦
ધરી સુનિતિની શમશેર સજેલી હાથે
ભવમાં નિરભય લડશે શત્રુની :સાથે
મારી નોબતે ઘાવ અમર નામો કરવાના છે....જગમાં૦

જંગબારી (૩)

ક્લેમીષ ભંજન જનમન રંજન
છે દુનીયામાં એકજ દામ
વિદ્યાહીણુ છો માનવ ભટકે
પણ પૈસાથી સાત સલામ
વ્યંઢળ પણ ત્રીવભુન ડોલાવે
રેતીમાં પણ નાવ ચલાવે
નીચ ઉંચ પંક્તીમાં બેસે
દામ હામથી ઠામોઠામ
ભૂપતિ પણ દે આદરમાન
જરથી જાન કરે કુરબાન

સમુદ્ર તનયા તુજ પ્રતાપે
સકલ જગત પણ બને ગુલામ

મલબારી (૪)

પ્લીડર કેરા માંડયાં ધંધા મોટા જગમાંહી ખોટા
ઘર ઘર અંદર બન્યા કલંદર મોટા હા મોટા
જગમાં મોટા ઘરના ખોટા મોટા છે ગોટા
સઘળે છે પોલંપોલા ભારી
અગડં બગડંની ચારી
ક્રેડીટે મારામારી ભારી
જગમાં પોઝીશનની બલીહારી
ગરબડ ગોટાથી ચારી સાચાની ખ્વારી —પ્લીડર.

મેના-જંગબારી (૫)

રહુ રંગે પ્રિયતમજીની સંગે ઉછંગે
શો છવાયે આનંદ અંગે અંગે —રમુ.
ચટક લટક ચમકદાર શી તમારી દીલદાર
વ્હાલી રસીલી જાઉં બલીહાર
કીધી પ્રેમે ઘેલી ભોળી આ નાર
ભાવધરી પ્રિયપ્રાણ ભેટી લે ઉમંગે. —રમું.

મધુરી (૬)

લાગી લાલની લગની કેવી મનમાં કેવી તનમાં
પ્રિતમ પ્રેમ પરાગે આજ થનગ થનગ થાય તનમાં આજે
જગત અન્ય સહુ શુન્ય લાગતું પિયુના નામ રટણમાં—લાગી.
દીવાનું દીલડું આ તલખે વિલખે દરદે દુખદે
મસ્તાનું મનડું આ તલસે વિલસે હરસે લે લાગી
મોહનજીમાં: લાલ ની....

મધુરી-સખીયો (૭)

સાહેલી તારૂં મુખડું ધીરૂ ધીરૂ મલકાય રે
તારા તનડામાં તાલાવેલી થાય રે સાહેલી.
કમળ પુષ્પ ખીલી રહ્યું ભ્રમર કરે ગુંજાર:
મધુરો મધુરો મધુ પીવા આવે જો ધરી પ્યાર
(આપણને એ અળગી કરશે)
(પ્રિયતમ પાગલ ઘેલી કરશે)
(ગટપટ ગટપટ વાતો કરશે)
(રસબસ કરી રસીયો રીઝવશે)
છાયો અનંગ રોમ રોમે આ છલકાય રે. —સાહેલી

મધુકર-મધુરી-સખીયો (૮)

કીધી સ્વામી આભારી વ્હાલા જાઉં હું વારી.

સ્વામી પામી હું ગુણવાન

સુન્દરી છો સુજાણ

હૃદય રાખું પ્રેમ ધરીને પ્રાણ

મનહર માલીક છો મારા પ્રિતમજી પ્રાણ પ્યારા

સખી

કોણ ?

વાહ બહેન વાહ

શાણી સુન્દરી રે શરમાયે શાને અલબેલી

વનીતા વહાલથી રે વલભને વરજે વરઘેલી

ચતુરા શીદ કરો છો ચાળા

અપો સ્નેહ હૃદય વરમાળા

અંગો અંગ ધરી ઉછરંગ રમવા રંગ પ્રિતમ સંગ. શાણી

જાણો-જંગબારી-મેના (૯)

લટકે મટકે

બની ચટક મટકતી ચાલ ચાલતી ચીતહર ચતુરા....વાહ

વાહ ભાણી ભાભી વાહ
હું મનહર મદમાતી લચકાતી જોબનવતી વાહ
ભાણા ભાઈ તો ભાગી બન્યા પણ અંદર પોલંપોલ
ગરજે કહેવો પડે ગદ્ધાને કાકો એવો જમાનાનો બોલ
છબી મારી મનહારી અતી સારી
જોઇ ભાન ભુલે સહુ....વાહ —લટકે.

પ્રીયકલ્ચી ૧૦)

ચંચળ લક્ષ્મીના ચાળા રે જન મુર્ખ ફુલી મરનારા
કાળાં ધોળાં કરનારા રે અંતે ખત્તા ખાનારા. —ચંચળ૦
જયમ વર્ષાની વીજળી ઝળાપળ કરે ચમકાર
આજ મળ્યું ધન કાલે જાશે આંખ ચોળી રહેનારરે —ચંચળ૦
મોટા મોટા નર મરી ગયા ત્યારે ગયું ન કાંઇ સાથ
જુઠે મદ શો જાળવો તમે જશો ખાલી હાથ રે. —ચંચળ

ફેન્સી.

અંક બીજો.

પ્રીયદેવી (૧૧)

અળગાના બેલી વ્હાલા મારા સુંદર શ્યામળા
બહુનામી જગજનનાં સ્વામી લજ્જા રાખો શ્રી ઘનશ્યામ.
નટવર નાગર દીનબંધુ કેશવ કરૂણાના સીંધુ
પ્રેમથી પ્રભુજી હયો ઉગારી સુંદર શ્યામળા. —બહુનામી.
વ્હાલા ગોવરધન ધારી વીનંતી લેજો સ્વીકારી
ભવભય હારી હયો ઉગાર સુંદર શ્યામળા. —બહુનામી.

મલબારી-ગુલાબ (૧૨)

મીઠી મીઠી મધુરી વાણી તારી લાગે છે પ્યારી પ્યારી
ડુબ્યો પ્રેમના તરંગમાં
મુને કીધી આભારી પ્રીતીધા પ્રીતમ જાઉં વારી
રસીક રમો રંગમાં
સાચા પ્રેમીની જોડ ખુબ જામશે
મારા દીલનાં દરદ સહુ વામશે
દાસી જીવનસંગી બનીને રાચશે
તુજ હુકમે સદાય પ્રાણ આપશે

આવો આવો છબીલી પ્રેમઘેલી રસીલી

એ નવેલી મને;ભેટોને ઉમંગમાં —મીઠી.

મેનાં-જંગબાજી. (૧૩)

પ્રેમરંગ ઝુલે ઝુલો હૈયાહાર

ઝીલો આ જોબનનો બહાર વ્હાલમા....પ્રેમ.

કામણગારી જાઉં;હું વારી,

ચોર્યું ચીત શાણા સરદાર આજ મારૂં....પ્રેમ.

પ્રેમે ફસાવી દીવાની બનાવી

હું પણ દીવાનો દીલદાર આજ બન્યો....પ્રેમ.

નાયકણીઓ. (૧૪)

સલોના નયન મતવારે

મદન મદ છાયે અજબ રંગ લાયે.

કટરીયાં મારે....સલોના.

અખુકમાં પર તીર હે ધારે

છાતી પે છેર ડારે

ખટક ઉર આયે....સલોના.

મલબારી-ભાણીઓ. (૧૫)

માઈ ડોલી જીગર દે ખોલી

ઓ લવલી જૉલી.

બોલો મધુર કાંઇ બોલી.....માઈ.

માઈ ડોલી ૩)

કમનીયર Come Neare,

આશક પર પ્યાર કર,

નહી મળશે આવો કો જબર નર

કમ ડીયર લવથી Come Dear તું મારૂ દીલહર

શરમાના ઘુઘટપટ દુર કર,

જાઓ જાઓ આ શો ઢોંગ

Come Along Sing Song Live Long

કમ એ લોંગ સીંગ સોંગ લીવ લોંગ....માઈ

ભાણીઓ, જંગબારી મલબારી. } (૧૬)

કુંવારૂં રહેવું ઘણું જ સારૂં બળ્યું પરણવાનું

કાકાજી બળ્યું પરણવાનું

મારો ધણી જો નહી મળે તો જુગ જુગ રડવાનું
કાકાજી જુગ જુગ રડવાનું
પ્રેમથી રમાડું તને વ્હાલી હંમેશાં ખાલી તું શીદ અકળાય
ઓ વ્હાલી ખાલી તું શીદ અકળાય
ભાણીઆ દીકરા મુંગો મરી રે નહી તો ફજેતો થાય
ઓ કાકા તમારૂં નખોદ જાય
મેનાં તું કયારે હવે મારી થાય.......નહીં તો.......કુંવારૂં.

પ્રાસરવી (૧૭)

ચેતજો જગની જુઠી જંજાળ છે ભાન ભુલે તો ભવમાં બેહાલ છે
મોહે મુરખા શું મલકાયે કોના ધનધામ અને માલ છે
અભીમાનમાં ઇંક જાય છકી શું માથે તાકી રહ્યો કાળ છે—ચેતજો.
કાયાનો પાયો કાચો સમજવો માયા તણી મધલાળ છે;
કાળને ઝપાટે ઝડપાઇ જાતાં કેઇ બુઢ્ઢા કોઇ બાળ છે—ચેતજો.

સખીઓ (૧૮)

સજની શી રજની આ મનહર સુંદર ખીલતી આજે
શીતળ પરાગે જગના બાગે
મીઠી શાંતિ વીશ્વમાં રાજે —સજની

નીરમળ નભમાં ચંદા સરતી
ગૃહમંડળ દીલ પ્રેમે ભરતી
અતી ઉલ્લાસે રહય વિલાસે
જગત આવાસે નીશા વીકાસે
ઝીલજો ઝીલજો વીમલ મધુર એ રસ દીલમાંહી આનંદે.
—શ્રી રજની.

સખીઓ (૧૯)


મદઘેલી માનુની માન મોંઘા મોહનને મનાવજે
રંગભોગી રસીયાને બ્હેન રસના પ્યાલા પીવરાવજે
હૈયે ઝુલાવજે શાંતિ સજાવજે
એ....લ્હાવ લઈ લાખેણો દુનીયા ડોલાવજે —મોંઘા.
છોડ કેડો હારી હું તુંથી બાઈ
બાઇ શાને કરે ચતુરાઇ
જાણી મે સફાઈ
મધુર અધરામૃત પાને લોભાવ જે. —મોંઘા

મધુરી-મધુકર (૨૦)

નેહ નજરે નાર નીહાળી ભવસાગરથી તરજો
ભામા ભવરણ તારણ શાણા શીખામણ ઉર ધરજો.

ગૃહણીથી ગૃહરાજ કરજો —નેહ.
ગૃહની દેવી છે ગુણવંતી બાળા
ભામા ભક્તિ પ્રીતિદાનથી લાલા
વસ્ત્રાભુષણ રીઝવવાના ચાળા
સઘળી સંપત એક સ્નેહમાં વાલા
પ્રેમતણા પંથે વીચરજો. . —નેહ.

ટેબ્લો.



અંક ત્રીજો

જંગબારી (૨૧)

સ્વારથીઓ સંસાર સરવે સ્વારથીઓ સંસાર
જોઇ જગે જગે જુઠી જાળ સઘળે સ્વારથનો વેપાર
માતા પીતા ભાઇ નારી પ્યારી માંહી સ્વારથની મારામાર
સ્નેહી પણ મતલબને સાધે
તે સ્વાર્થની પ્રીતો સાંધે
આ જગનો વહેવાર —સઘળે.

મેનાં (૨૨)

રૂડી ખીલી ફુલવાડી રસાળી
મધુરી મદવાળી જોબન ફળ વાળી
રહી લચકાઈ શી —રૂડી
ફુલોથી ફુલી ફાલી આછી ગુલાબી લાલી
બાઈ સુકાઇ ચાલી
માળી વીનાની ખાલી રે ખાલી
મળે જો વનમાળી રે માળી
બનાવે હરીયાળી રે નીરાળી
ખીલાવે હદવાળી રે —રૂડી.

મલબારી-ગુલાબ (૨૩)

હાય કરમે ક્યાંથી વળગી આ ચુડેલ
વ્હાણુ લુંટો લાલા રેલાવી રંગરેલ —હાય.
છબીલાજી છેલ
કેડો મારો મેલ
બાપાજી છે બેલ
હા હા હા હા હા —હાય કરમે.
આવો પ્રાણ છો સુજાણ
ક્યાંથી મંડાણી મોકાણ
ચડીયું ચકડોળે આ વ્હાણ
ઘરડી ઘોડી લાલ લગામ —કરમે.
બાપા આવો ના શરમાવો
હાથ મીલાવો મંગળ ગાઓ
વગડાઓ પડઘમ વાજાં
ખ ર ર ર ઘુમ (૩) —કરમે.

સમાપ્ત.

શાન્તિઃ ! શાન્તિઃ ! શાન્તિઃ !



જાહેર ખબર

અમારી કંપનીના નીચે લખેલાં નાટકોનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારી કંપનીનો મુકામ હશે ત્યાંથી રોકડેથી અથવા વી. પી. થી મંગાવ્યાથી મલશે.

ચોપડીનું નામ	કિંમત
બોલતા હંસ	૦—૪—૦
માયા મોહિની	૦—૪—૦
સ્નેહ—સુધા	૦—૪—૦
રંગીલો ચોગા	૦—૪—૦
ડોલતી દુનીયા	૦—૪—૦

શ્રી સરોજ નાટક સમાજ.

